# જશ્ન : એન્જિનિયરિંગના સ્ટુડન્ટ્સનો સ્ટેન્ડઅપ કોમેડીનો અંદાજ જોવા મળ્યો

## આઈઆઈટી-જીએન ખાતે ઈન્ટર કોલેજ કલ્ચર ફેસ્ટ 'જશ્ન' યોજાયો

સિટીરિપોર્ટર cbamdavad@gmail.com

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી (આઈઆઈટી) ગાંધીનગર દ્વારા ચાર દિવસીય ઈન્ટર કોલેજ કલ્ચર ફેસ્ટિવલ 'જશ્ન 2019'નું આયોજન આઈઆઈટી ગાંધીનગરના પાલજ કેમ્પસ ખાતે કરવામાં આવ્યુ હતુ. જેમાં સ્ટુડન્ટસે એન્જિનિયરિંગ સ્ટડી સિવાય પોતાની અંદર રહેલુ ટેલેન્ટને વિવિધ કોમ્પિટિશનમાં ભાગ લઈને રજૂ કર્યુ હતુ.

જશ્ન 2019માં સ્પોટ્સ ક્વિઝ, કાર્ડ ગેમિંગ, ટ્રેઝર હન્ટ, લેન ગેમિંગ, લાઈવ સ્નેક્સ, એંગ્રી બર્ડ, પાર્લામેન્ટરી ડિબેટ, ફોટોગ્રાફી, મૂવી મેકિંગ કોમ્પિટિશન સાથે ડાન્સ, ડ્રામા, સ્ટેન્ડઅપ કોમેડી, સિંગિંગ એન્ડ મ્યુઝિકલ પરફોર્મન્સ જેવી વિવિધ કોમ્પિટિશનમાં સ્ટુડન્ટસે પોતાના ટેલેન્ટનો પરિચય કરાવ્યો હતો. આઈઆઈટી ગાંધીનગરના 700થી વધારે સ્ટુડન્ટસે જશ્ન 2019માં ભાગ લીધો હતો. અલગ અલગ ઈવેન્ટમાં વિજેતા બનનારા વિદ્યાર્થીઓને 50 હજાર સુધીના રોકડ ઈનામ આપવામાં આવ્યા હતા.



**Title:** Jashn: witnessed engineering students' stand-up comedy style
**Source:** City Bhaskar (Pg. no. 01)
**Date:** 10-01-2019